

## અસ્તાન બેઠક પર નિરાશાજનક 45.05 ટકા મતદાન નોંધાયું

**કોંગ્રેસના** ઉમેદવાર ધર્મેશ રાઠોડનું અવસાન થતાં ચૂંટણી મોકૂફ રહી હતી

બારડોલી : બારડોલી તાલુકા પંચાયતની અસ્તાન બેઠક પર રવિવારના રોજ મતદાન કરવામાં આવ્યું હતું. સાંજે 6 વાગ્યા સુધીમાં 45.05 ટકા જેટલું નીરસ મતદાન નોંધાયું હતું. 26મીના રોજ મતગણતરી કરવામાં આવશે.

આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલી તાલુકા પંચાયતમાં કુલ 22 બેઠકો પૈકી અસ્તાન બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ધર્મેશ રાઠોડનું અવસાન થતાં આ બેઠક પૂરતી ચૂંટણી મોકૂફ રાખવામાં આવી હતી. 21 બેઠકો પર ચૂંટણી થઈ હતી જે તમામ બેઠકો પર ભાજપે જીત મેળવી હતી અને શનિવારના રોજ તાલુકા પંચાયતમાં પ્રમુખ ઉપપ્રમુખની પણ વરણી કરી દેવામાં આવી હતી. દરમ્યાન અસ્તાન બેઠક માટે રવિવારના રોજ મતદાન યોજાયું હતું. કુલ 8 મતદાન કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મતદાન પ્રક્રિયા કરવામાં આવી હતી. કોંગ્રેસમાંથી નૈલેશ ચૌધરી, ભાજપમાંથી નીલકંઠ રાઠોડ અને આપ માંથી દિનેશ પટેલ વચ્ચે જંગ હતી. કુલ 6285 મતદારોમાંથી 2832 મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આમ કુલ 45.05 ટકા જેટલું મતદાન નોંધાયું હતું. ગરમીના કારણે મતદારોમાં નિરાશા જોવા મળી હતી.

### ભાજપે પ્રમુખ તરીકે વિવેક ભરડીવાલા અને ઉપપ્રમુખ તરીકે યોગીતા દેવધરાને આપ્યુ મેન્ડેટ

અંકલેશ્વર : ભરૂચ જિલ્લાના વિવિધ તાલુકા પંચાયતો માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોના નામો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં અંકલેશ્વર તાલુકા પંચાયત માટે પ્રમુખ તરીકે વિવેક ભરડીવાલા અને ઉપપ્રમુખ તરીકે યોગીતા દેવધરાના નામ પર મેન્ડેટ જાહેર કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત કારોબારી અધ્યક્ષ તરીકે કિરીટ માસ્ટર તથા દંડક તરીકે સેજલસિંહ વાંસિયાના નામની પણ જાહેરાત કરવામાં આવી હતી. ભાજપ દ્વારા મેન્ડેટ જાહેર થતા જ સમર્થકો અને કાર્યકરોમાં આનંદનો માહોલ છવાયો હતો. સોમવારે અંકલેશ્વર તાલુકા પંચાયત ખાતે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી માટે ખાસ સભા યોજાનાર હોવાનું જાણવા મળ્યુ.

## ભરૂચ તાલુકા પંચાયતમાં ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખ નામો જાહેર કર્યા

ભરૂચ, તા. 24: ભરૂચ જિલ્લાની નવ તાલુકા પંચાયતોનાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદની ચૂંટણી પૂર્વે રાજકીય માહોલ ગરમ બન્યો છે. આ વચ્ચે ભરૂચ તાલુકા પંચાયત માટે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ પોતાના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.

પાર્ટીએ અમલેશ્વર બેઠક પરથી વિજેતા થયેલા હેમાક્ષીબેન ગૌરાંગભાઈ પટેલને પ્રમુખ પદનો મેન્ડેટ આપ્યો છે, જ્યારે ઉપપ્રુમખ માટે ભાડભૂત બેઠક પરથી ચૂંટાયેલા લક્ષ્મીબેન કાલિદાસ ટંડેલના નામ પર મહોર મારી છે. બંને ઉમેદવારોએ આજે દાવેદારી નોંધાવી ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરી છે.

આ ઉપરાંત, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તરીકે માર્મિક ગૌતમભાઈ પટેલ, પક્ષના નેતા તરીકે રાકેશ સરવણ ગોહિલ અને દંડક તરીકે વિરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ રાજની નિમણૂક કરવામાં આવી છે. આવતીકાલે યોજાનારી ચૂંટણીમાં આ ઉમેદવારો સત્તાવાર રીતે ચૂંટાય તેવી શક્યતા છે.

### નેત્રંગમાં સમીકરણો રોચક છતાં સસ્પેન્સ : કોંગ્રેસ 'કિંગમેકર'ની ભૂમિકામાં

જિલ્લાના નેત્રંગ તાલુકા પંચાયતની સ્થિતિ ખાસી રોચક બની છે. અહીં કુલ 16 સભ્યોમાંથી આમ આદમી પાર્ટી (AAP)ના એક સભ્યના દુઃખદ અવસાન બાદ હવે AAP પાસે 7, ભાજપ પાસે 7 અને કોંગ્રેસ પાસે માત્ર 1 સભ્ય છે. બંને મોટી પાર્ટીઓના સભ્યો સરખા હોવાથી કોંગ્રેસનો એકમાત્ર સભ્ય 'કિંગમેકર'ની ભૂમિકામાં રહેશે. જેની સાથે તે ઊભો રહેશે તે પાર્ટી પ્રમુખ-ઉપપ્રમુખની બેઠકો પર કબજો કરી શકશે. તા. 25મી મેના રોજ યોજાનારી ચૂંટણીને પગલે નેત્રંગનું રાજકીય સમીકરણ જોવા જેવું રહેશે.

# દહેજની કંપનીમાં ભીષણ આગ

**કેમલીન** કંપનીમાં મોડી રાત્રે લાગેલી આગ શોર્ટસર્કિટને કારણે હોવાની શક્યતા

**ઘટનામાં** જાનહાનિ ટળી પરંતુ મોટા પાયે નુકસાનની શક્યતા



ભરૂચ : ભરૂચ જિલ્લાના દહેજ વિસ્તારમાં આવેલી કેમલીન નામની કેમિકલ કંપનીમાં મોડી રાત્રે અચાનક ભીષણ આગ લાગવાની ઘટના બની છે. આ બનાવને પગલે આજુબાજુના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, કંપનીના કર્મચારીઓ કામ કરી રહ્યા હતા ત્યાં અચાનક આગની જ્વાળાઓ ભભૂકી ઉઠી. જોયો જોયો અને કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ. સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી.

ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ કેટલીક ગાડીઓ સાથે તાકીદે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ કલાકોની મહેનત બાદ આ ભયંકર આગ પર કાબુ મેળવ્યો હતો. ફાયર વિભાગની ઝડપી કાર્યવાહીને કારણે આગને વધુ વિસ્તાર ફેલાતા અટકાવી દેવાઈ હતી.

સદનસીબે આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. જોકે, અગ્નિકાંડના કારણે કેમિકલ કંપનીને મોટા પ્રમાણમાં નુકસાન થયાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

હાલ ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે જ રોકાઈ છે, અને આગ લાગવાના ચોક્કસ કારણોની તપાસ હાથ ધરવામાં આવી છે. શરૂઆતમાં શોર્ટ સર્કિટ કારણ ગણાવવામાં આવી રહ્યું છે, પરંતુ હજુ કંઈપણ સત્તાવાર રીતે જાહેર કરાયું નથી.

### પાંજરોલીમાં જુગાર રમતા ત્રણ શખ્સ ઝડપાયા

ભરૂચ : ભરૂચ પોલીસને પાંજરોલી ગામના સરપંચ ફળીયામાં કેટલાક લોકો સ્ટ્રીટ લાઈટ નીચે ખુલ્લામાં જુગાર રમી રહ્યા છે તેવી બાતમી મળી હતી. પોલીસ ટીમે ખાનગી વાહનમાં બાતમીવાળી જગ્યાએ જઈ દૂરથી જોઈને રેડ પાડી હતી.જેમાં ત્રણેય આરોપીઓ સ્થળ પરથી પકડાઈ ગયા હતા. ઝડપાયેલા આરોપી પૈકી રાજુભાઈ રામપુકારભાઈ વસાવા (ઉ.વ.37) રહે. મોરા ફળીયું, હિતેશભાઈ જશવંતભાઈ પટેલ (ઉ.વ.43) રહે. પટેલ ફળીયું અને અરવિંદભાઈ મંગાભાઈ વસાવા (ઉ.વ.44) રહે. ટેકરી ફળીયું, તમામ ત્રણેય આરોપી-પાંજરોલીનો સમાવેશ થાય છે.આરોપીઓ પાસેથી કુલ રોકડાઃ રૂ.12,240,દાંવ પરનાં રોકડા રૂ.1,150, બે મોબાઈલ ફોન કિંમત રૂ.22,000 મળીને કુલ રૂ.35,390 મુદ્દામાલ કબજે કર્યો હતો.હાંસોટ પોલીસે જુગારધારા હેઠળ ત્રણેય સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

## માંડવીના તડકેશ્વરમાં ચાર પશુ છોડાવાયા : બે આરોપીની ધરપકડ

**બોલેરો** પિકઅપ અને પશુ સહિત રૂ.3,80 લાખનો મુદ્દામાલ જપ્ત


હિતેશ પટેલ

માંડવી : તડકેશ્વર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે પેટ્રોલિંગ દરમિયાન ગેરકાયદે અને ક્રૂરતાપૂર્વક થતી પશુઓની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે, તડકેશ્વરના નવાપરા ફળિયા પાછળ સ્મશાન નજીકથી પસાર થતી એક શંકાસ્પદ મહિન્દ્રા બોલેરો પીકઅપ ગાડી (નંબર GJ-19-X-4871)ને રોકીને તપાસ હાથ ધરવામાં આવી હતી.

પોલીસ તલાશી દરમિયાન વા હનમાંથી અત્યંત દયનીય હાલતમાં અને ખીચોખીચ ભરેલા 4 ભેંસના પાડિયા મળી આવ્યા હતા. આ પશુઓને કોઈ પણ પ્રકારના ઘાસચારા, પાણી કે હવા-ઉજાસની વ્યવસ્થા વિના ટૂંકા દોરડા વડે ક્રૂરતાપૂર્વક બાંધીને લઈ જવાઈ રહ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી જ વાહનચાલક જીગ્નેશ નટવર પટેલ (ઉ .વર્ષ-31, રહે.કાવા ફળિયા, તડકેશ્વર) અને તેની સાથે બેઠેલા ઈમરાન ઈબ્રાહીમ જાદવત (ઉ . વર્ષ-36, રહે.નવીનગરી ફળિયા, તડકેશ્વર) ની અટકાયત કરી હતી. આરોપીઓ પાસે પશુ પરિવહન માટેના કોઈ કાયદેસરના પાસ, પરમિટ કે જરૂરી પુરાવા ન મળી આવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આ ગુનામાં ચાર જીવતા પશુઓ, બોલેરો પીકઅપ ગાડી અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા 3.80 લાખનો મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીઓને જેલભેગા કર્યા છે.

**ભરૂચ સેવાસદનના કર્તાહર્તાનું બુદ્ધિનું પ્રદર્શન**

## બ્લોક બેસાડી દીધા બાદ પાણીની પાઈપ માટે ફરી ઉખેડ્યા

**વારંવાર** ખોદકામને પગલે આલી કાછિયા વાડ અને વાલ્મિકી વાડમાં રોષ

ભરૂચ : ભરૂચ નગર સેવા સદનના વોર્ડ નંબર 8માં તંત્રની કાર્યપદ્ધતિ સામે સ્થાનિકોએ રોષ વ્યક્ત કર્યો છે. ચૂંટણી પૂર્વે ઉતાવળમાં બેસાડવામાં આવેલા બ્લોકને હવે પાણીની નવી લાઈન નાખવા માટે ફરીથી ખોદી કાઢવામાં આવી રહ્યા છે. આડેધડ કામગીરીને કારણે નાગરિકોને અવરજવરમાં ભારે તકલીફ પડી રહી છે.

આલી કાછિયાવાડ અને વાલ્મિકીવાસ વિસ્તારમાં તાજેતરમાં જ રસ્તાઓ પર બ્લોક પાથરવામાં આવ્યા હતા. જોકે, હવે પાણીની લાઈનના ખોદકામને કારણે તે જ



બ્લોક ઉખેડીને રસ્તા ફરી ખોદવામાં આવી રહ્યા છે. સ્થાનિક રહીશોનું કહેવું છે કે ચૂંટણી પૂર્વે ઉતાવળમાં કરાયેલા આ કામમાં કોઈ આયોજન ન હતું, જેના કારણે સરકારી નાણાંનો વ્યય થઈ રહ્યો છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે પહેલા પાણીની લાઈન પૂર્ણ કરી પછી બ્લોક કેમ ન પાથર્યા?

આ મામલે સ્થાનિક રહીશોએ વિરોધ કાર્યક્રમ યોજીને નગરપાલિકા સભ્યને તાત્કાલિક બોલાવ્યા હતા. રહીશોએ યોગ્ય આયોજન સાથે કામગીરી કરવા અને સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ કરી હતી. તંત્રની આ બેદરકારી સામે વિસ્તારમાં ભારે રોષનો માહોલ છે.

### પલસાણાના પરવેશ પાર્કમાં બિહારના ૨૧ વર્ષીય યુવકે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પલસાણાઃ પલસાણા પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો અનુસાર, સુરત જિલ્લાના પલસાણા ગામે આવેલ પરવેશ પાર્કની બાબુભાઈની બિલ્ડિંગના રૂમ નંબર ૧૪માં મૂળ બિહારના ઔરંગાબાદના વતની અને હાલ પલસાણા ખાતે રહી મજૂરી કામ કરતા ૨૧ વર્ષીય યુવક સુશીલ કુમાર સતેન્દ્રરામ રવિદાસે કોઈ અગમ્ય કારણોસર પોતાના રૂમમાં પંખાની દાંડી સાથે કપડાના ટુકડા વડે ગળેફાંસો ખાઈ લીધો હતો. આ કરુણ ઘટના તારીખ ૨૨/૦૫/ ૨૦૨૬ના રાત્રે ૧૧.૩૦ વાગ્યાથી તારીખ ૨૩/૦૫/૨૦૨૬ના સવારના ૬ વાગ્યા દરમિયાન બની હોવા નું અનુમાન છે. આ અંગે મૃતકના પરિચિત સલમાન ખાન હસીનઅલીએ પલસાણા પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## માલેગામ ટોલ પાસે ટ્રક કારને ઘસડી જતાં ચીસાચીસ મચી

**પહેલા** ટ્રેક્ટરને અડફેટે લઈ કાર સાથે અકસ્મત, ઓલપાડના પરિવારનો આબાદ બચાવ, 9ને ઈજા

**માલેગામ** ટોલ પુત્ર પાસે ટ્રક કારને ઘસડી જતાં ચીસાચીસ મચી

સાપુતારાઃ સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા માલેગામ ટોલ બુથ નજીક આજે સિમેન્ટના પતરાનો જથ્થો ભરેલી એક ટ્રકે ટ્રેક્ટર અને કારને અડફેટમાં લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કુલ 9ને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.


ગીરીશ ભોયે

પ્રાપ્ત વિગતો અનુસાર, મહારાષ્ટ્રના નાસિક તરફથી સિમેન્ટના પતરાનો જથ્થો ભરી વાંસદા તરફ જઈ રહેલી ટ્રક (નં. MH 12 TV 8917)નો ચાલક માલેગામ ટોલ બુથ નજીકથી પસાર થતી વખતે ગામમાંથી માટી ભરી જઈ રહેલા ટ્રેક્ટર (નં. GJ 30 A 5452)ને અડફેટમાં લીધો હતો.

આ બાદ ટ્રક બેકાબૂ બની સામે તરફથી આવી રહેલી સુરત જિલ્લાનાં ઓલપાડના પ્રવાસીઓ સવાર કાર (નં. GJ 16 FB 0478) સાથે અથડાઈ હતી. ટ્રકે કારને ટક્કર મારી દૂર સુધી ઘસડી જતાં કારમાં સવાર એક જ પરિવારનાં સભ્યોનો જીવ અધ્ધર થઈ ગયા હતા અને બૂમાબૂમ કરી મૂકી હતી.

આ બનાવમાં ટ્રેક્ટર ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે કારમાં સવાર 6, ઉપરાંત ટ્રકના ડ્રાઈવર અને ક્લીનરને પણ નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

બાદમાં તમામ ઈજાગ્રસ્તોને શામગહાન સીએચસી ખાતે ખસેડાયા હતા. આ બનાવના પગલે માલેગામ ટોલ પબૂથ નજીક થોડાક સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. આ ઘટનાની જાણ થતા સાપુતારા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. સાપુતારા પોલીસની ટીમે ટ્રકચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ભરૂચના 'કુલચા કાફે' અને 'વર્ધિયન'ના આઉટલેટ બંધ

**ભરૂચમાં** દંપતીએ કાફે આઉટલેટના નામે રૂ.20 કરોડનું ફૂલેકું ફેરવ્યું

**રોકાણકારો** અને કર્મચારીઓને છેતર્યા, 'વર્ધિયન' અને 'કુલચા કાફે'ની ફ્રેન્ચાઈઝીના નામે છેતરપિંડી

રાજ્યભરમાં પીઝા અને પંજાબી વાનગીઓના કાફે આઉટલેટ ખોલવાના બહાને અંદાજે 20 કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે.

'વર્ધિયન' અને 'કુલચા કાફે'ના નામે ફ્રેન્ચાઈઝી આપવાનું કહી રોકાણકારો સાથે છેતરપિંડી કરવા બદલ ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભરૂચના ભારતીનગરમાં રહેતા સૌરભ શેરે અને તેની પત્ની વૈભવીએ રોકાણકારોને દેશભરમાં 60 ફૂડ સ્નેક્સ આઉટલેટ્સ ખોલવાનું આયોજન દર્શાવી મોટા પાયે મૂડી એકઠી કરી હતી.

જોકે, કરોડો રૂપિયાનું રોકાણ મેળવ્યા બાદ આ દંપતીએ માત્ર 18 આઉટલેટ્સ જ શરૂ કર્યા હતા, જ્યારે બાકીના આઉટલેટ્સ ખોલ્યા જ નહોતા. રોકાણકારો જ્યારે પોતાના નાણાં અથવા આઉટલેટ અંગે પૂછપરછ કરતા, ત્યારે દંપતી તેમને વારંવાર ખોટા વાયદાઓ આપીને ગુમરાહ કરતું હતું. આ કૌભાંડનો ભોગ માત્ર મોટા રોકાણકારો જ નહીં, પરંતુ સામાન્ય વર્ગના કર્મચારીઓ પણ બન્યા છે. સુરત અને વડોદરા સહિતના શહેરોમાં આલુ ટીક્કી અને પીઝા જેવી વાનગીઓ બનાવીને સપ્લાય કરતી 40થી વધુ મહિલાઓ તેમજ 50થી વધુ કર્મચારીઓનો સ્ટાફ આ સંસ્થામાં કાર્યરત હતો. આ ગરીબ અને મધ્યમવર્ગીય મહિલાઓને છેલ્લા 3 મહિનાથી પગાર ચૂકવવામાં આવ્યો નહોતો, જેના કારણે આ પરિવારો આર્થિક કટોકટીમાં મુકાયા છે. સમગ્ર મામલે ભરૂચ એ ડિવિઝન પોલીસે રોકાણકારોની ફરિયાદના આધારે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે આ કેસમાં સંડોવાયેલી મહિલા આરોપી વૈભવી શેરે અને અન્ય એક વ્યક્તિની અટકાયત કરી લીધી છે, જ્યારે મુખ્ય આરોપી સૌરભ શેરે સહિતના અન્ય લોકોની શોધખોળ અને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કોસંબા પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠક યોજાઇ


ઈબ્રાહીમ કાનુ

હથોડા : બકરી ઈદ ના તહેવાર ને હેમખેમ પાર પાડવા માટે કોસંબા પોલીસ મથકમાં ઇન્ચાર્જ પીઆઇ ના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કોસંબા તરસાડી નગરમાં કોમી એકતા અને ભાઈચારો જળવાઇ રહે તે માટે કોસંબા પોલીસે કોઈને નડતર રૂપ નહીં બનીને તહેવારની ઉજવણી કરવા પીઆઇ ભાટિયા એ જમાવ્યું હતું અને વધુમાં જણાવ્યું હતું કે કોઈપણ પ્રકારની અફવા ઉપર કોઈપણ વ્યક્તિએ ધ્યાન આપવું નહીં અને તહેવાર દરમિયાન કોઇ કોઈ ટીખળખોર કાયદો હાથમાં લેવાની કોશિશ કરે તો પોલીસ મથકે જાણ કરવા જણાવ્યું હતું.

### દિલ્હી જનજાતિ સાંસ્કૃતિક સમાગમમાં ઉમરપાડાનું પ્રતિનિધિત્વ કર્યું


વિનોદ મૈસુરીયા

વાંકલ: જનજાતિ સુરક્ષા મંચ દ્વારા દેશની રાજધાની દિલ્હી ખાતે "જનજાતિ સાંસ્કૃતિક સમાગમ" કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય કાર્યક્રમમાં સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાનું પ્રતિનિધિત્વ કરતા સામાજિક આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગિરીશભાઈ ચૌધરી (માડણપાડા), શારદાબેન ચૌધરી (ઉમરપાડા), ઈશ્વરભાઈ વસાવા (સાતકાશી) તેમજ સુમનબેન વસાવા (મૌલલીપાડા) એ પરંપરાગત આદિવાસી પહેરવેશમાં સજ્જ થઈને તાલુકાનું ગૌરવ વધાર્યું હતું.

### અંકલેશ્વરમાં રાહદારીઓને છાસ વિતરણ કરાયુ

અંકલેશ્વર : અંકલેશ્વરમાં કાળઝાળ ગરમી વચ્ચે લોકો ને રાહત મળે તે હેતુથી કલીંગ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિ:શુલ્ક છાસ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. વાલિયા ચોકડી ખાતે રાહદારીઓ અને વાહનચાલકોને ઠંડી છાસ પીવડાવી ગરમીમાં ટાઢક પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો

### અંકલેશ્વરમાં પાર્શ્વ સોશિયલ ગ્રુપ દ્વારા રક્તદાન શિબિર

અંકલેશ્વર : અંકલેશ્વરના જીઆઇડીસી વિસ્તારમાં આવેલા માનવ મંદિર ખાતે શ્રી પાર્શ્વ સોશિયલ ગ્રુપ અંકલેશ્વર દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર વલ્લભભાઈ બ્લડ સેન્ટરના સહયોગથી યોજાયેલી આ શિબિરમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું.

### માંગરોળમાં ગૌતસ્કરીના ગુનામાં એક વર્ષથી ફરાર આરોપી ઝડપાયો



વાંકલ : ગૌવંશના ગુનામાં છેલ્લા એક વર્ષથી ફરાર આરોપી કોસાડી ગામનો શાહરુખ ઉર્ફે બાબુ યુનુસ જીવાભાઇ ગામમાં જ હોવાની બાતમી પો.કો. વિપુલભાઈ વિક્રમભાઈને બાતમી મળી હતી. જેના આધારે તેને ઝડપી લેવાયો હતો. આ કામગીરી માંગરોળના પોલીસ ઇન્સ્પેક્ટર પી.એમ. દેસાઇના માર્ગદર્શનમાં કરવામાં આવી હતી.

### બગુમરાની મિલમાંથી સ્પલેન્ડર બાઇકની ચોરી

પલસાણા : સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં આવેલા બગુમરા ગામની સીમમાંથી એક મોટરસાઇકલની ચોરી થવાનો મામલો સામે આવ્યો છે. મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ બગુમરા ગામમાં સાહિબા મિલની સામે સાશ્વત આર્કેડમાં રહેતા કરણસિંહ ગોપીસિંહ પ્રજાપતિ (ઉં.વ. ૪૦, ધંધોઃ મજુરી) એ પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ગત તારીખ ૨૬/૦૧/૨૦૨૫ ના રોજ બપોરે ૨:૩૦ વાગ્યાથી સાંજના ૭:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન રાઘવ મિલના ખુલ્લા પાર્કિંગમાંથી તેમની સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ ( GJ-05-KT-1967 )ચોરાઇ ગઇ છે. જેની કિંમત આશરે પચાસ હજાર છે. દોઢ વર્ષ પહેલા થયેલી ચોરીનો ગુનો આજે દાખલ થયો હોવાથી ચોર પકડાયો હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

### ઉંભેળથી વરલી મટકાનો જુગાર રમાડનાર ઝડપાયો

કામરેજઃ ઉંભેળ ગામની હદમાં પરબ જટકાના આંક પર જુગાર રમાડનારને કામરેજ પોલીસે પકડી પાડ્યો હતો. કામરેજ પોલીસને બાતમી મળી હતી કે કામરેજના ઉંભેળ ગામની હદમાં પરબ જતાં રોડ પર વળાંકની બાજુમાં ગૌચરમાં મુંબઈથી નીકળતાં વરલી મટકાના આંક પર હારજીતનો જુગાર રમાઈ રહ્યો છે. જે બાતમીના આધારે પોલીસે રેડ કરતાં સંજય સોમા ગામીત (ઉં.વ.38, રહે., ઉંભેળ, દાદીયા ફળિયું)ને પકડી પાડી રોકડા રૂ.3560 તેમજ અંગઝડતી કરતાં રોકડા રૂ.7000 મળી કુલ રૂ.10,560નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો તેમજ જુગાર રમાડનાર છના ધીરજ રાઠોડ (રહે., નગોડ, મંદિર ફળિયું)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

### પરબમાં સીડી ખસી જતાં પટકાયેલા શ્રમિકનું મોત

કામરેજ : પરબ ગામે ગોપીન ઈન્ડસ્ટ્ -1માં ત્રીજા માળ પર બારીમાં સ્ટાઈલ લગાડતા સમયે લાકડાની સીડી ખસી જતાં ત્રીજા માળથી કારીગર જમીન પર પટકાતાં મોત નીપજયુ હતું. મૂળ ભાવનગર જિલ્લાના જેસરના અને હાલ પૂણાગામ શ્રીનાથજી દ્વાર સોસાયટીમાં રહેતા 29 વર્ષીય હિતેશ મોહનભાઇ પોરિયા કડિયાનું કામ કરતાં હતાં. શનિવારે તેઓ ગોપીન ઇન્ડસ્ટ્રીમાં પ્લોટ નંબર 570 ખાતે નવી બાંધકામ સાઇટના ત્રીજા માળે ટાઇલ્સ અને માર્બલ લગાડી રહ્યાં હતાં ત્યારે લાકડાની સીડી ખસી જતાં તેઓ નીચ પટકાયા હતા. તેમને ગંભીર ઇજા પહોંચતા ચલથાણની સંજીવની હોસ્પિલટલમાં લઇ જવાયાં હતાં. જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતાં.

### ફરાર આરોપી ભરૂચ SOGએ ઝડપી લીધો

ભરૂચઃ ભરૂચ SOGના PI એ.વી. પાણમીયાને બાતમી મળી હતી કે, ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ હથિયાર ધારા અને પ્રોહિબિશન એક્ટની ગુનામાં નાસતો ફરતો આરોપી ભરૂચમાં ફરે છે. બાતમીના આધારે ટીમે કાર્યવાહી હાથ ધરતાં આરોપી રોહનભાઈ ઉર્ફે ઠીક્તો મનહરભાઈ ઠાકોર (રહે., 2025, શિવકૃપા સોસાયટી, ભરૂચ, હાલ સુરત, કતારગામ, રાશી સર્કલ) ઝડપી પાડ્યો હતો. પોલીસે ધરપકડ કરીને આરોપીને ભરૂચ શહેર A ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સોંપી દેવામાં આવ્યો છે.


Milano MULTIPLEX
બારડોલી
Chand Mera Dill
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Shubh Mangal Dhamal- Gujarati
03:00pm
Star Wars: The Mandalorian And Grogu
11:00am, 09:30pm
Bhooth Bangla
05:00pm
Dhabkaaro-Gujarati
12:00pm
Krishnavataram Part 1 - The Heart
02:00pm, 06:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333